કડી વિશ્વ વિદ્યાલય ખાતે ૧૬, ૧૭, ૧૮ ડિસેમ્બર દરમ્યાન મેગા ઈવેન્ટ 'આઈના'નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ થી સાંજે ૩.૩૦ સુધી વિવિધલક્ષી કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓની કલા વિકસે તે હેતુસર આયોજન કરાયું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

મોંઘી દાટ ગાડીઓમાં લોગો સાથે છ શખ્સો ઈન્ફોસીટીથી ઝડપાયા

૪ બીએમ ડબલ્યુનાં, ૨ મર્સીડીઝનાં, એક હોન્ડા અને એક સ્કોડા ગાડીના લોગો મળી આવ્યા : પુછતાછ શરૂ

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદ વિસ્તારમાં કિંમતી ગાડીઓના લોગો ચોરીના બનાવો ખુબ જ બન્યા હતા. લોગો ચોર્યા બાદ જેવી ગાડીની કંપની તેવી કિંમતે લોગો હજારો રૂપિયામાં વેચી મરાતા હોવાનું શખ્સોને કિંમતી ગાડીના લોગો સાથે ઝડપી લીધા હતા. પોલીસે આ છ શખ્સો લોગો ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જતા હતા તે સહીતની તપાસ શરૂ કરી છે.

સેકટર-૭ પોલીસમથકના પી.એસ.આઈ. એ.કે. ભરવાડ, પો.કો. રતનસિંહ, પ્રવિણસિંહ તથા તેમની ટીમ ઈન્ફોસિટી પાસે અગાઉ બહાર આવી ચુક્યુ છે ત્યારે ગઈ રાત્રે સે. ૭ પોલીસમથકની ટીમે ઈન્ફોસિટી પાસેથી છ અમદાવાદી પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન એક ટોળકીને ઝડપી લીધી હતી. તપાસ કરતા તેમની પાસેથી મોંઘાદાટ ગાડીઓના લોગો મળી આવ્યા હતા. અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતા વિપુલ પ્રતાપ ઠાકોર, ગોવિંદ રમેશ ચાવડા, યશ મહેન્દ્ર ભાટીયા, રોહિત રમણ પરમાર તથા ચાંદલોડીયા વિસ્તારનો અક્ષય રાજી ચાવડા અને એલીસબ્રીજનો નિરવ રણછોડ અંજરા મળી છ શખ્સોની પાસેથી બીએમડબલ્યુના ૪ લોગો, મર્સીડીઝ કંપનીના ૨ લોગો અને હોન્ડા તથા સ્કોડા કંપનીના ૧-૧ લોગો મળીને અલગ અલગ ગાડીની કંપનીઓના ૮ લોગો મળી આવ્યા હતા. પોલીસે ૪૧-૧-ડી કરીને છ શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સે. ૨૯માંથી અઠવાડીયા પહેલા જ નવી નક્કોર સ્કાલા ગાડીનો લોગો ચોરાયો હતો

સેક્ટર-૨૯માં રહેતા અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા એક રહીશે એક મહિના પહેલા જ સ્કાલા ગાડી છોડાવી હતી. ઘર આંગણે પાર્ક કરેલી આ મોંઘી કારના પાછળના ભાગેથી અઠવાડીયા અગાઉ જ કોઈ શખ્સો લોગો ચોરી કરી ગયો હતો જો કે આ અંગે પોલીસ ફરીયાદ નોંધાવા પામી ન હતી.

ખેલ મહાકુંભમાં જુડો-કુસ્તી અને વોલીબોલ સ્પર્ધામાં ચૌધરી કોલેજની ટીમ વિજયી

ગાંધીનગર, તા.૧૭

ચૌધરી શિક્ષણ સંકુલ ખાતે આવેલી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભ સ્પર્ધામાં જુડો કુસ્તી અને વોલીબોલ સ્પર્ધામાં સુંદર દેખાવ કર્યો હતો. ખેલ મહાકુંભ અંતર્ગત યોજાઈ રહેલ સ્પર્ધાઓમાં ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ સતત બાજી મારી રહી છે. જેમાં વોલીબોલ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ફાઈનલ જીતી હતી તેમજ જિલ્લા કક્ષાની રમાઈ રહેલી જુડો સ્પર્ધામાં કિંજરી બ્રહ્મભટ્ટ, સવિતા ચૌધરી, જિજ્ઞા ચૌધરી, જાગૃતિ ચૌધરી, જિનલ પટેલ વિજેતા રહી હતી. જયારે કુસ્તીમાં વિણા ચૌધરી, હેતલ પટેલ વિજયી રહી હતી. આ તમામ ખેલાડીઓને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતાં.

આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૭

આનંદનો ગરબો ઈલાબા રાજભા ઝાલાના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૦/૧ સેકટર-૩-સી ખાતે તા. ૧૯ ડિસેમ્બર ગુરુવાર બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુર કંઠે યોજાશે. જેમાં ભાવિ ભકતોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

રાંધેજાની હાઈસ્કુલમાં ભગવદ્ ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૭

શ્રી જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજા ખાતે તાજેતરમાં ભગવદ્ ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ધર્નુમાસ નિમિત્તે શહેર અને આજુબાજુના ગામડાઓમાં ધાર્મિક કથાઓ યોજવામાં આવે છે. ત્યારે તાજેતરમાં જ રાંધેજા ખાતે આવેલ વિદ્યાલય ખાતે શ્રીમદ્ ભગવદ ગીતાના ૧ થી ૧૮ અધ્યાયનો ભાવાંશ વિદ્યાર્થીઓ દ્વારા ભજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીએ યુધિષ્ઠિર, અર્જુન, દુર્યોધન, ક્ષુતરાષ્ટ્ર સહિતના પાત્રો ભજવ્યા હતા. ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતા ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય રાજુભાઈ ગજ્જર, ભીખાભાઈ પટેલ સહિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતાં.

સ્પ્રાપતિ સમાજનો સ્નેહમિલન-ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ તા. ૨૯ ડિસેમ્બર રવિવાર, બપોરે ૨-૦૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે યોજવામાં આવશે. જેમાં ગાંધીનગર પ્રજાપતિ સમાજના તમામ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા મહામંત્રી જશુભાઈ ઓઝાએ જણાવ્યું છે.

શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર અકસ્માતના બનાવો વધી ગયા છે. આજે બપોરના અરસામાં ચ-માર્ગ પર સે. ૧૧ની સામે વળાંકમાં એક હોન્ડાની કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાનિ થવા પામી નથી.

મુખ્યમંત્રીએ સરદાર પટેલ સંકુલની જગ્યાએ પોતાના કાર્યાલયનું નામ સ્વર્ણિમ સંકુલ કેમ રાખ્યું ? મુકેશ પટેલ

ગાંધીનગર, તા. ૧૭

સમગ્ર દેશમાં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમ તાજેતરમાં જ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ યોજવામાં આવ્યો હતો. ત્યારે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દ્વારા સરદાર સાહેબના ગાણા ગાતા મુખ્યમંત્રીશ્રીએ પોતાના કાર્યાલયનું નામ સરદાર પટેલની જગ્યાએ સ્વર્ણીમ સંકુલ કેમ રાખ્યું? તેવો વેધક સવાલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલે જણાવ્યું છે કે મુખ્યમંત્રી શ્રી સરદાર સાહેબના નામનો ઉપયોગ રાજનીતિમાં કરે છે. ત્યારે જો સરદાર સાહેબ પ્રત્યે પ્રેમ હોય તો પાટનગરમાં આવેલી સચિવાલય સંકુલનું નામ સરદાર પટેલ હતું તેમાં ભાગ પાડી સ્વર્ણીમ સંકુલ એવું નામ કેમ આપ્યું ? તેવો સણસણતો વેધક સવાલ મુખ્યમંત્રીશ્રી સામે કર્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે ભાજપ સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રીને વડાપ્રધાન તરીકેની મહત્વાકાંક્ષા સંતોષવા સરદાર સાહેબના નામે ભારત ભરમાંથી લોખંડનો ભંગાર ભેગો કરવાને બહાને જાહેરાતો આપી કરોડો પબ્લીસીટી પાછળ ખર્ચી રહ્યા છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે પ્રજાના ભરેલા કરવેરામાંથી પબ્લીસીટી કરવાની જગ્યાએ તે રૂપિયાને સીધે સીધાજ સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારકમાં ખર્ચવા જોઈએ અને રાજનીતિ કરવાની જગ્યાએ ઝડપથી સ્ટેચ્યુનું કામ પૂર્ણ થાય તે દિશામાં સરકારે વિચારવું જોઈએ.

લાઈન ચેકીંગ અંગે એસ.ટી.ના અધિકારીઓનો આજે સેમિનાર

ગાંધીનગર, તા.૧૭

માર્ગ પર દોડતી સલામત સવારીની સેવા વધુ અસરકારક અને પારદર્શક બનાવવા એસ.ટી. નિગમ દ્વારા આજે શહેરના નગરપાલિકા ભવનમાં લાઈન ચેકીંગ અંગેનો એક સેમિનાર યોજવામાં આવનાર છે. જેમાં વિવિધ ડિવીઝનના અધિકારીઓ એસ.ટી.ના વર્કશોપ, દંડવસૂલી, ડ્રાઈવર-કડંકટરની કામગીરી અંગે સમીક્ષા હાથ ધરી યોગ્ય માર્ગદર્શન પુરું પાડશે.

એસ.ટી. બસોની સેવાને સમયસર અને અસરકારક બનાવવા અમદાવાદ સ્થિત સેન્ટ્રલ ઓફિસ દ્વારા લાઈનચેકીંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે યોજાનારા આ એક દિવસીય સેમિનારમાં અમદાવાદ સહીત પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને ભાવનગર ડિવીઝનના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ તબક્કે અમદાવાદ સેન્ટ્રલ ઓફિસના અધિકારીઓ લાઈન ચેકીંગની કામગીરી સંદર્ભે સમીક્ષા હાથ ધરશે. આ સેમિનાર દરમિયાન એસ.ટી. ડેપોના વર્કશોપ, દંડવસુલી ઉપરાંત ડ્રાઈવર કડંકટરની કામગીરી સંદર્ભે સમીક્ષા કરવામાં આવશે. કામગીરીના પરિણામો અંગેની સમીક્ષા સાથે ઉચ્ચ અધિકારીઓ દ્વારા જરુરી માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવશે. રૂટમાં દોડતી એસ.ટી. બસોની સમયસૂચકતા, ટીકીટ ચેકીંગમાં પારદર્શકતા સહીતની બાબતોએ પણ સેમિનારમાં પરામર્શ કરવામાં આવશે.

ભાઈઓ-બહેનો માટે કબડ્ડી કોચિંગ કેમ્પ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત કબડ્ડી એસોસિએશન ગાંધીનગર દ્વારા જુનિયર ભાઈ-બહેનો માટે કબડ્ડી કોચિંગ કેમ્પનું આયોજન તા. ૧૦ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. કોચિંગ કેમ્પ બહેનો માટે શ્રીમતી આર.એસ. ચૌધરી વિદ્યાલય સે-૭ અને ભાઈઓ માટે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સે-૧૫ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પસંદગી પામેલ ટીમ બેંગ્લોર ખાતે ફાઈનલ રમવા માટે રવાના થશે તેમ રાજેન્દ્રસિંહ કાઠિયા, મુલચંદ સોલંકી અને નિમેષ મેઘાએ જણાવ્યું છે.

ગુજરાત ક્ષત્રિય સભાની કારોબારી મળશે

ગુજરાત ક્ષત્રિય સભાની સાધારણ સભાનું આયોજન તા. ૨૨ ડિસેમ્બર રવિવાર બપોરે ૨-૦૦ કલાકે હનુમાન મંદિર વિહાર-કુકરવાડા રોડ ખાતે કરવામાં આવ્યું છે. સભામાં સંસ્થાના સંગઠનની પુનઃ રચના, રાજકીય બાબતોની ચર્ચા કરવામાં આવશે જેમાં ક્ષત્રિય સભાના સભ્યોએ ઉપસ્થિત રહેવા કરણસિંહ ચાવડાએ જણાવ્યું છે.

સર્વ રોગ નિદાન યજ્ઞ

ગાંધીનગર, તા. ૧૭

અભિનવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન યજ્ઞનું આયોજન તા. ૧૨ જાન્યુઆરીના રોજ સેંટ ઝેવિયર્સ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સર્વરોગ નિદાન યજ્ઞમાં ભાગ લેનાર લાભાર્થીઓની નોંધણી સવારે ૯ થી ૧ કલાક દરમ્યાન સ્થળ પર કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

થેલેસેમિયા અવેરનેશ કાર્યક્રમ

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને અશ્વિનભાઈ પેટલ કોમર્સ કોલેજ દ્વારા કોલેજ ખાતે થેલેસેમિયા અવેરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ૯૨૬ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા અવેરનેશ કાર્યક્રમ હેઠળ પરિક્ષણ કરાવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના દિવ્યમ રાણા, રેડક્રોસ સોસાયટીના મેહુલ શાસ્ત્રી, સુકેતુ મહેતા, નયન મધુકર, હેમલ કોઢિયા તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ, ડૉ. રીટાબેન ઓઝા, ડૉ. રણછોડ રથવી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૩
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૪૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
૫ હોબીટ(અંગ્રેજી) :૯.૧૦,૧૨.૨૫,૩.૪૦,૬.૫૫,૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૯.૨૫, ૧.૫૦, ૬.૧૫,૧૦.૪૦
વૉટ ૫ ફીશ : ૧૧.૩૦, ૩.૫૫, ૮.૨૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૧૦.૪૦, ૪.૪૦, ૭.૪૦
આર. રાજકુમાર : ૧.૪૦, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતર : ૧.૧૫, ૧૦.૩૦
રામ લીલા : ૪.૧૫
હેપ્પી ફેમીલી પ્રા.લિ. (ગુજરાતી) : ૭.૧૫

સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આર. કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતરા : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
રામલીલા : ૧.૦૦, ૭.૦૦

વિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- શિવશક્તિ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમ સાંજે ૭.૦૦ કલાકે.

શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજ દ્વારા ત્રિ-દિવસીય 'આઈના' ડિસ્કવર યોર ઈનર સેલ્ફ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે માતૃ વંદના પર વિવિધ કાર્યક્રમો રજૂ થશે.

આપની આજ

મેષ : સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

કર્ક : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે.

મીન : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે.

ચિરવિદાય

- સ્વ. લાલાજી જેસંઘજી ચાવડા (ઉ.વ. ૪૫) આદીવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. ઉઘરચંદ દેવચંદ ગાંધી (ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૩૧૧/૧, સેકટર-૭/એ, ગાંધીનગર.
- સ્વ. અજીતજી ગાંડાજી ટાંક (ઉ.વ. ૫૨) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.